# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

# CM KUTCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આજની દરેક સમસ્યાનું સમાધાન શિક્ષણમાં જ છે. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2025 અંતર્ગત કચ્છ જિલ્લાના કુરન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે માત્ર શાળામાં પ્રવેશ મેળવવો પૂરતો નથી, પરંતુ અભ્યાસ પૂર્ણ કરવો પણ એટલો જ જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે માત્ર શાળામાં પ્રવેશ મેળવવો પૂરતો નથી , પરંતુ અભ્યાસ પૂર્ણ કરવો તે પણ એટલું જ જરૂરી છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી, સ્કૂલ)

શ્રી પટેલે ગામ કુરનના ગ્રામજનોને 'ઓપરેશન સિંદૂર 'ની સફળતા અને શિક્ષણ પ્રત્યેની તેમની જાગૃતિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી, સિંદૂર)

કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે કચ્છમાં 107 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ગાંધીધામના વિવિધ વિસ્તારમાં માર્ગની કામગીરી , અંજાર અને ગાંધીધામ ખાતે અનુક્રમે મામલતદાર કચેરીઓ, ગાંધીધામ ખાતે વિવિધ આવાસ, સબ રજિસ્ટ્રાર કચેરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કચ્છ જિલ્લાની 27 પ્રાથમિક શાળાઓમાં 120 નવીન ઓરડા અને 6 માધ્યમિક શાળા તથા 3 ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નવીન મકાનનું લોકાર્પણ કરાયું.

કચ્છના પ્રવાસ દરમિયાન શ્રી પટેલે નિર્માણાધિન કુરન ચેકડેમની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

# AMIT SHAH GUJARAT

રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત શ્રી ગોવિંદ ગુરુ વિશ્વવિદ્યાલય ખાતે વિવિધ પરિયોજનાઓનું ઇ-લોકાર્પણ તથા ઇ-ખાતમુહૂર્ત કર્યું. નવનિર્મિત સેન્ટર ઓફ એક્સલન્સ ભવનનું લોકાર્પણ

મિયાવાકી પદ્ધતિથી વાવેતરનું લોકાર્પણ જળાશય લોકાર્પણ , સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી શાહે વર્ષ 2047 દરેક ક્ષેત્ર સૌપ્રથમ હોઇએ તેવા ભારતની રચનાનો દેશના યુવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.

આજે શ્રી શાહ અમદાવાદના આદરોડા ગામમાં મોડલ કો-ઓપ વિલેજ અંતર્ગત ધી આદરોડા મંડળી સહકારી લી. દ્વારા નવનિર્મિત સહકારી સંકુલનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત સાણંદના જુવાલ ગામમાં પ્રાથમિક શાળાનું લોકાર્પણ , ફાંગડી પંચાયત ઘરનું લોકાર્પણ તેમજ સાણંદ GIDCમાં નવનિર્મિત ઑક્સીજન પાર્કમાં વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ શ્રી શાહ સાણંદ GIDCના ઉદ્યોગકારો સાથે વિચારવિમર્શ કરશે.

. . . . . . . . . . . . .

# RUSHIKESH MEHSANA

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં મહેસાણા જિલ્લાના ઉમિયાપુરા અને ત્રાંસવાડ પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. તેમણે આંગણવાડી અને બાલવાટિકાના નાના ભૂલકાઓને પ્રવેશ કરાવ્યો હતો. આ ઉપરાંત બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું હતું કે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના માધ્યમથી ગામમાં શિક્ષણનું વાતાવરણ બન્યું છે અને આજે હોંશે હોંશે નાના ભૂલકાઓ શાળામાં પ્રવેશ મેળવી રહ્યા છે.

(બાઇટ: ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી )

. . . . . . . . . . . . .

# KHEDA- SARAS CRAN VASTI GANTARI

ખેડા જિલ્લામાં યુપીએલ , વન વિભાગ અને સમુદાયના સંયુક્ત પ્રયાસોના પગલે સારસ ક્રેનની વસ્તી ગણતરી હાથ ધરાઈ.

જેમાં વર્ષ 2025-26ની ગણતરીમાં કુલ એક હજાર 477 સારસ ક્રેન નોંધાયા હતા જે 2015-16ના વર્ષથી 195 ટકાનો વધારો દર્શાવે છે. આ નોંધપાત્ર વધારો ટકાઉ સંવર્ધન પ્રયાસોની સફળતા દર્શાવે છે.

યુપીએલના સીએસઆર વાઇસ પ્રેસિડેન્ટ ઋષિ પઠાનિયાએ જણાવ્યું હતું કે "યુપીએલનો સારસ ક્રેન કન્ઝર્વેશન પ્રોગ્રામ જૈવવિવિધતાના સંવર્ધન માટે અમારી કાયમી પ્રતિબદ્ધતા દર્શાવે છે. ખેડા અને આણંદ જિલ્લાઓએ સારસ ક્રેનના આંકડામાં નોંધપાત્ર વધારો દર્શાવ્યો છે. આજે ગુજરાત સમગ્ર ભારતમાં બીજા ક્રમની સૌથી વધુ વાઇલ્ડ સારસ ક્રેન વસ્તી ધરાવે છે જે અમારા પ્રયાસો અને પ્રગતિના ચાલકબળનું પ્રમાણ છે. નોંધનીય છે કે અમે છેલ્લા 10 વર્ષોમાં તેમના આંકડામાં 195 ટકાનો વધારો જોયો છે. "

. . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 123મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

……………………………….

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા  હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ  આપ અમારી  Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.   વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ  newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)